

ભારત દેશને અને આ પરુષોત્તમભાઈ શર્માને આજે ૬૮ પુરાં થયાં અને ૬૯મું બેઠું...

# વેરા વસુલી માટે મોબાઈલ સેવા શરૂ કરો : પ્રવિણ પટેલ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગર-પાલિકામાં વેરા વસુલાતની અસરકારક કામગીરી થઈ શકે તે માટે તાત્કાલિક અસરથી મોબાઈલ વાન શરૂ કરવાની માંગ કોંગ્રેસના કાઉન્સીલર અને સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલે કરી છે.

ગાંધીનગર મહાનગર-પાલિકાની આગામી ૧૭મીએ મળનારી સામાન્ય સભાને લઈ શ્રી પટેલે ૬ જેટલા મહત્વના સૂચનો સાથે આ વિષયો પર ચર્ચાની માંગણી કરી છે.

શ્રી પટેલે મેયરને મોકલાવેલી દરખાસ્તોમાં જણાવાયું છે કે મિલ્કત વેરા, વ્યવસાયવેરા સહિતના વેરા વસુલીની કામગીરી એકંદરે નબળી જણાય છે. રૂ. ૫૦ કરોડથી પણ વધુ વેરાની વસુલી બાકી છે. આવા સંજોગોમાં એક મોબાઈલ વાન વેરા વસુલી માટે શરૂ કરવી જોઈએ.

શહેરનો કુલ વિસ્તાર ૫૫ કિ.મી. જેટલો છે તેમજ કોર્પોરેશનની ઓફિસ પહોંચવા માટે ઓછામાં ઓછો ૨૦ મિનિટ જેટલો સમય કોઈપણ નાગરિકને થાય અને ત્યાં લાઈનમાં ઉભુ રહેવુ પડે છે.

આ વાન શરૂ કરવાથી વેરાવસુલી પર તંત્ર ધ્યાન કેન્દ્રીત કરી શકશે એટલુ જ નહિ લોકોનો સમય બચશે તેમજ સુવિધા પણ પ્રાપ્ત થશે.

તેમણે શહેરના રેલવે ક્રોસીંગ પહોળા કરવા ઉપરાંત શહેરમાં વધતા જતા વાણિજ્ય વ્યવહારોને ધ્યાને રાખી સ્ટ્રીટવેન્ડર ઝોન પણ દરેક સેક્ટરમાં જો નિયત કરવામાં આવે તો ગેરકાયદે દબાણો ઘટશે એટલુ જ નહિ સ્વચ્છતાની કામગીરી પણ સરળતા ઉભી થશે.

તેમણે ઘનખચરાના નિકાલની કામગીરી કરતા વાહનોમાં RFID એઈઝડ GPS મોનીટરીંગ સિસ્ટમ લગાવવા પણ માંગ કરી છે.

આ ઉપરાંત શહેરમાં વધતી જતી વસ્તીને ધ્યાને રાખી EWS અને LIG સ્કીમના આવાસોની યોજના પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવે તેવી માંગ કરી છે.



ગાંધીનગર લાયોનેસ કલબ ઓફ દ્વારા ૬૯મા સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ પ્રભાતે મહાત્મા મંદિરથી મહિલા સાયકલ રેલીનું આયોજન કરાયું હતું. મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત સેન્ટ્રલ વિસ્ટાની પ્રદક્ષિણા સ્વરૂપે યોજાયેલી મહિલા સાયકલ રેલીમાં મહિલા સશક્તિકરણની સાથે સાથે પર્યાવરણ સુરક્ષાના સંદેશને પણ સમાજ સુધી પહોંચાડવાનો સ્તુત્ય પ્રયાસ કરાયો હતો. લાયોનેસ કલબના પ્રમુખ વૈશાલી જોષી અને પ્રોજેક્ટ ચેરમેન-પૂર્વ પ્રમુખ મમતા રાવલ તથા પ્રોજેક્ટ વાઈસ ચેરમેન-પૂર્વ પ્રમુખ મીનાબેન પટેલે જણાવ્યું હતું કે, સાયકલિંગ દ્વારા મહિલાઓએ આત્મસન્માન અને ગૌરવની લાગણીની અનુભૂતિ કરી હતી. સશક્તિકરણ અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ કેળવવાના ઉદ્દેશ ઉપરાંત પર્યાવરણ પ્રત્યે વિશેષ સભાનતા કેળવવાના ઉદ્દેશ સાથે યોજાયેલી મહિલા સાયકલ રેલીમાં લાયોનેસ કલબની બહેનો ઉપરાંત પ્રેરણા વિદ્યાલયની કન્યાઓએ પણ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ હિનાબેન પટેલ, ગાંધીનગરના પ્રથમ નાગરિક-મહિલા મેયર હંસાબેન મોદી, સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર મીની જોસેફ અને લાયન્સ ડિસ્ટ્રીક્ટ-૩૨ ઉના લાયોનેસ ચેરમેન શોભનાબેન દેસાઈએ લીલી ઝંડી ફરકાવીને મહિલા સાયકલ રેલીને વિદાય આપી હતી.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી શ્રી સંજય થોરાતના માતુશ્રી સુશીલા થોરાત અને તેમના સાસુ સુમનબેન પાટીલનો આજે એક સાથે જન્મદિવસ છે. તેમની જન્મ તારીખ ૧૫-૮-૧૯૪૭ છે.

● ગાંધીનગરના જાણીતા ગાયનેકોલોજીસ્ટ અમીબેન શાહના નર્સિંગ હોમનો પણ આજે સ્થાપના દિવસ છે. તેમનું નર્સિંગ હોમ ૨૩મા વર્ષમાં પ્રવેશ કરે છે.

● જિલ્લા કલેક્ટર કચેરીમાં આજે મીટીંગ ડે ઉજવાયો હતો. સવારથી સાંજ સુધી કલેક્ટરશ્રી સતત મીટીંગોમાં વ્યસ્ત રહ્યા હતા.

● ગાંધીનગર શહેરના જાણીતા શોપીંગ કોમ્પ્લેક્સ શાલીન ટાવરના ચોકીદાર તરીકે ફરજો બજાવતા શ્રી પુરૂષોત્તમદાસ શર્માનો પણ આજે જન્મ દિવસ છે.

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજથી આરંભાતા શ્રાવણ માસમાં પાર્થેશ્વર પૂજનનો અનેરો મહિમા છે.

● ગાંધીનગરમાં બે દિવસ સળંગ રજા અને ત્યારબાદ એક દિવસ બાદ વધુ એક રજા આવતી હોવાથી સી.એલ. મુકી કર્મચારીઓ મીની વેકેશનના મૂડમાં જોવા મળી રહ્યા છે.

# રાષ્ટ્રીય પર્વે ગુજરાતના રાજ્યપાલશ્રીએ રાજ્યના નાગરિકોને શુભેચ્છા પાઠવી

૬૯માં સ્વાતંત્ર્ય દિનના રાષ્ટ્રીય પર્વે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ ગુજરાત રાજ્યના તમામ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.



સ્વાતંત્ર્ય દિન પર્વના શુભ સંદેશમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું છે કે આપણા મહાન આઝાદીના લડવૈયાઓ જેમણે દેશની સ્વતંત્રતા માટે તેમના પ્રાણોની આહુતિ આપી છે, તેવા તમામ શહિદોને આપણે કોટિ-કોટિ વંદન કરીએ છીએ અને તેમને આદરપૂર્વક શ્રદ્ધા-સુમન અર્પણ કરીએ છીએ. શ્રી કોહલીએ જણાવ્યું હતું કે આજે મનાવવામાં આવી રહેલું આ રાષ્ટ્રીય પર્વ આપણને એ તમામ મહાન સપૂતોનો રાષ્ટ્રપ્રેમ, તેમણે દાખવેલ અપ્રતિમ શૌર્ય અને તેમના બલિદાનની વિરલ ગાથાનું સ્મરણ કરાવે છે, જેના કારણે આજે આપણા રાષ્ટ્રની એકતા અને અખંડિતતાનો પાયો મજબુત છે અને સમાજ જીવનમાં પરસ્પર ભાઈચારાના તાણા-વાણા સ્નેહપૂર્વક ગુંથાયેલા છે.

# દેશના સ્વાતંત્ર્ય પર્વે મુખ્યમંત્રી આનંદીબહેનનો સંદેશ

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ૬૯માં સ્વાતંત્ર્ય પર્વે ગુજરાત રાજ્યના સૌ નાગરિક ભાઈ-બહેનોને ગતિશીલ વિકાસના જનઆંદોલનના સંવાહક બનવા આહવાન કર્યું છે. શ્રીમતી આનંદીબહેન પટેલે રાજ્યના સૌ નાગરિકોને સ્વાતંત્ર્ય પર્વે પાઠવેલા પ્રજાજોગ સંદેશમાં જણાવ્યું છે કે, વર્ષો પહેલાં જે સાબરમતીના કિનારેથી સ્વતંત્રતા પ્રાપ્તિ માટેનું વિરાટ જનઆંદોલન જાગ્યું હતું તે જ સાબરમતીના કિનારેથી ગુજરાતમાં આજે વિકાસનું જનઆંદોલન જાગ્યું છે. તેમણે દરિદ્રનારાયણની સેવા, વંચિતોના વિકાસ અને સૌના સહિયારા પ્રયાસોથી રાજ્યની વિકાસયાત્રાને સુશાસન-સુરાજ્ય સંગે તેજ ગતિએ આગળ ધપાવવાનો કોલ આપ્યો છે.



આપણા સ્વાતંત્ર્ય વીરોનું સન્માન કરવા તેઓને મળતા પેન્શનમાં ૪ હજાર રૂપિયાનો વધારો કરી હવે દર માસે રૂ. ૧૦ હજાર નિર્વાહ પેન્શન આપવાનો તથા સ્વાતંત્ર્ય સેનાનીઓના આશ્રિતોના નિર્વાહ પેન્શનમાં રૂ. ૨ હજારની વૃદ્ધિ કરી માસિક રૂ. ૭ હજાર પેન્શન આપવાનો નિર્ણય કરીને આપણે માતૃભૂમિની મુક્તિ કાજે ઝઝૂમનારા સ્વાતંત્ર્ય સેનાનીઓ પ્રત્યે આદર ભાવ વ્યક્ત કર્યો છે.

આર્થિક પ્રવૃત્તિઓમાં મહિલાઓને પ્રોત્સાહન આપવા આપણે સખી મંડળો અને સ્વસહાય જૂથની ૩૦ લાખથી વધુ બહેનોને પગભર કરવા બેન્કો દ્વારા કેશ ક્રેડિટ અપાઈ છે. સાથે સાથે ૧૪૭ મહિલા પશુપાલકોની દૂધ સહકારી મંડળીઓ માટે ટોકન ભાવે જમીનો અને તેના ઉપર મકાન બનાવવા માટે ૧૫૪ મંડળીઓને સહાય આપણે આપી છે. અને હવે હજુ આગળ વધીને મહિલા ઉદ્યોગ સાહસિકોને પણ પોતાનો સ્વતંત્ર ઉદ્યોગ, વ્યવસાય શરૂ કરવા માટે રાજ્યમાં પહેલી વાર સાણંદમાં મહિલાઓ માટે વિશેષ ઔદ્યોગિક વસાહત શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. નોકરી હોય કે જન પ્રતિનિધિત્વ હોય, ગામમાં પશુપાલન હોય કે શહેરમાં મોટા ઉદ્યોગો, દરેક ક્ષેત્રે ગુજરાતની મહિલા શક્તિ આગળ વધે તેજ અમારી નેમ છે. પંડિત દિન દયાલ ઉપાધ્યાય યુવા સાહસિકતા યોજના અન્વયે ૯૯૧૭ યુવાનોને વ્યાજ સહાય યોજનાનો લાભ આપ્યો છે. ગુજરાતનો યુવાન રોજગારી શોધનાર નહીં પરંતુ રોજગાર પુરો પાડનાર બને એ આપણો ધ્યેય છે. એટલું જ નહીં યુવાધનમાં રાષ્ટ્રનિર્માણ પ્રત્યે ભાવના ઉત્પન્ન થાય તે માટે અત્યાર સુધી લગભગ ૩૬ હજાર સ્ટુડન્ટસ પોલીસ કેડેટ્સને તૈયાર કરી તેમને એક નવા આત્મવિશ્વાસથી સજ્જ કરવાનો પ્રયાસ સરકારે કર્યો છે.

## ભારત દેશને અને આ પરુષોત્તમભાઈ શર્માને આજે ૬૮ પુરાં થયાં અને ૬૯મું બેઠું...



૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે ભારત દેશ આઝાદ થયો અને ગાંધીનગરના સેક્ટર-૧૧માં આવેલા શાલીન કોમ્પ્લેક્ષમાં સિક્યોરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા શ્રી પુરુષોત્તમભાઈ બી. શર્માનો જન્મ થયો. પુરુષોત્તમભાઈએ ૨૦ વર્ષની વયથી સિક્યોરિટી ગાર્ડ તરીકે જ પોતાની કારકિર્દીની શરૂઆત કરી છે. ૪૫ વર્ષની સિક્યોરિટી ગાર્ડ તરીકેની કારકિર્દીમાં આજ સુધી તેમને કોઈ પ્રમોશન મળ્યું નથી. હા, ૧૫ રૂપિયા રોજથી શરૂ કરીને આજે ૪૫ રૂપિયા રોજના પગાર સુધી જરૂર પહોંચ્યા છે. ગાંધીનગરના સેક્ટર-૨૮માં પત્ની સાથે રહેતા પુરુષોત્તમભાઈને સંતાનમાં એક દીકરી માત્ર છે. દીકરી પૂજા પરણીને લંડન સ્થાયી થઈ છે. રામકથા મેદાન કે જ્યાં આજે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે, તેની સામે આવેલા શાલીન કોમ્પ્લેક્ષના સિક્યોરિટી ગાર્ડ શ્રી પુરુષોત્તમભાઈ શર્મા દર વર્ષે દેશ સાથે પોતાનો જન્મ દિવસ હર્ષભેર ઉજવે છે. આજે ભારત દેશ અને પુરુષોત્તમભાઈ શર્માને ૬૮ પુરા થશે અને ૬૯મું બેસશે. **(ફોટો સ્ટોરી : હિરેન ભટ્ટ)**

## બગભાગી યાત્રી... ● આઠમા પાનાનું ચાલુ

બીજાને ખભે કાં તો માર્ગમાં રખાયેલા વાંસના સ્ટેન્ડ પર મુકવાની... ફરીથી કાવડ ખભે મુકતા પહેલા શરીરે ગંગાજળ છાંટીને ફરજિયાત ત્રણ દંડ બેઠકો કરવી પડે..! ગુરૂશંકા પછી સ્નાન અનિવાર્ય છે... કપડાં એક જ જોડ રખાય.. જે સ્નાન કર્યા બાદ ભીનાં જ પહેરી લેવા પડે..! યાત્રી દાઢી ન કરાવી શકે.. કાચમાં પોતાનું મોં ન જોઈ શકે.. માર્ગમાં ખાણીપીણીની ભૂલ થાય તો મહાદેવની માફી માંગીને ત્રણ દંડ બેઠકો કરી લેવી પડે..!

યાત્રાના નિયમોને સતત ધ્યાને રાખીને, કાવડ ખભે લઈ 'બોલ બમ્'ની એક જ રટ અવિરત કરતાં યાત્રીઓ માર્ગો-નદી, ખેતર, પહાડ, નાના ગામો, પથરાળ વિસ્તારોમાંથી પસાર થાય.. વિશ્રામ સમયે ગરીબ બિહાર રાજ્યમાં ગુજરાતની જેમ માર્ગમાં સેવાકેન્દ્રોની સુવિધા ન હોઈ યાત્રીઓ ભેદભાવ વિના એકબીજાની પગચંપી-માલિશ કરે..! રાત્રે ભજન-કિર્તન... સવાર-સાંજ આરતી થાય... સવાર પડે ને કાવડના બંને છેડે લટકાવેલી ઘુઘરીયોના રણકાર સાથે યાત્રીઓ 'બોલ બમ્'ની રટ લગાવતાં નીકળી પડે.. અને સેંકડો ઘુઘરીયોના છમ્ છમ.. યાત્રીઓના બોલ બમ્ સાથે ઝારખંડના દેવધરમાં પોતાની મંઝિલ બાબા બૈજનાથધામ યાત્રા સંપન્ન થાય છે. અહીં કાવડના બે લોટાઓ પૈકી એકમાંનું ગંગાજળ ચઢાવ્યા બાદ વાહનમાં ૪૫ કિ.મી. દૂર વાસુકીનાથ જઈ બીજા લોટાનું ગંગાજળ અર્પણ કરવું પડે છે. આ બંને મંદિરો સ્વયં ભગવાન વિશ્વકર્માએ બનાવેલા હોઈ વિશેષ માહાત્મ્ય ધરાવે છે. કાવડયાત્રામાં રોજ લાખો શિવભક્તો જોડાઈને બંને ધામોએ ગંગાજળ ચઢાવી ધન્યતા અનુભવે છે.

ઉલ્લેખનીય છે કે વાસુકીનાથ ધામમાં બે શિખર પર સામસામે આવેલા શીવ મંદિર અને પાર્વતી મંદિર વિષે એક વિશિષ્ટ માન્યતા અને વિધિ છે... જેમાં ભાવિકો શીવમંદિરના શિખરે એક છેડો બાંધી, બીજો છેડો પાર્વતી મંદિરના શિખર સાથે બાંધે છે. 'ગઠજોડા'ની આ વિધિ કરતાં દોર તૂટી જાય તો દામ્પત્યજીવન લાંબુ ન ચાલે.. અને દોર ન તૂટે - વિધિ હેમખેમ પાર થઈ જાય તો દામ્પત્યજીવન અતૂટ રહે...! ગુજરાતમાંથી બહુ ઓછા લોકો આ કાવડયાત્રામાં જોડાય છે... માત્ર અમદાવાદમાંથી શિવશક્તિ શ્યામ સેવા મંડળ ગ્રુપના ૮૦ જેટલા ભાવિકોનો સંઘ યાત્રામાં જોડાય છે... આ ભાવિકો સાથે ચંદ્રપ્રકાશ 'બિલ્લુ'એ પણ કાવડયાત્રી તરીકેનો લ્હાવો લઈ ગઠજોડાની વિધિ વિઘ્ન વિના સંપન્ન કરી છે અને એમનું દામ્પત્યુજીવન શિવકૃપાએ સુખી.. અડીખમ છે..! બોલ બમ્..!!

### ભાગદોડની ગંભીર દુર્ઘટનામાં અસંતોષી અસામાજિક તત્વોનો હાથ

બૈજનાથધામની કાવડયાત્રા દરમ્યાન આ વર્ષે મંદિરમાં સર્જાયેલી દુર્ઘટનામાં ૧૧ના મોત અને ૫૦થી વધુ ભાવિકો ઘાયલ થયા છે. બિલ્લુના કહેવા મુજબ હવે ફોટોગ્રાફી/ વિડીયોગ્રાફી/ સીસીટીવી કેમેરા સહિતની આધુનિક ટેકનોલોજી સાથે સુરક્ષા વ્યવસ્થાથી સજ્જ બૈજનાથધામમાં ફોટો સહિતના દસ્તાવેજોથી રજીસ્ટ્રેશન બાદ જ પ્રવેશ આપવાની પદ્ધતિ અને કાવડયાત્રીઓ પણ શિસ્તબધ્ધ અને કઠિન યાત્રાથી ખૂબજ થાકેલા હોઈ અસામાજિક તત્વોના હાથ સિવાય આ પ્રકારની અમાનવીય દુર્ઘટના પાછળ બીજું કોઈ કારણ નથી. માત્ર સરકાર કે આયોજકોને હેરાનગતિ કરી બદનામ કરવાનો આશય એમાં હોઈ શકે.

## પુરસ્કાર અર્પણ...

● આઠમા પાનાનું ચાલુ

નથી શબ્દ એ તેજ છે અને તેજના કટકા થઈ શકતા નથી. મારી કવિતાનો શબ્દ મને ક્યા લઈ જાય છે એ હું પણ જાણતો નથી. શબ્દ મારી માટે એક રહસ્યમય પદાર્થ છે. કવિએ વધુમાં ભાવવિભોર થઈને કહ્યું કે મારા કરતા પણ ચડિયાતા સર્જકો છે. જેમને આ પુરસ્કાર મળ્યો નથી તેમના વતી હું આ પુરસ્કાર લઈ રહ્યો છુ.

મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીએ કહ્યું કે ભાવનગર કલા-સાહિત્ય અને સંસ્કારનું પાટનગર છે. સાહિત્યકાર શબ્દોને નહી સમાજની વ્યથાને, પ્રશ્નોને, સંવેદનાને લખે છે.

આ સમારોહમાં અંતે પૂજ્ય શ્રી મોરારિબાપુએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે આજે આ સમારોહમાં હું ઉપસ્થિત રહ્યો છું એનો મને આનંદ છે. હું મારો રાજીપો વ્યક્ત કરું છું. શબ્દ જંજીર બને તો તકલીફ થાય પણ શબ્દ જો ઘૂંઘરું બને તો નર્તન થાય અને વિનોદ જોશીના ગીતોનો લય-શબ્દનો લય ગુજરાતી ગીતનું નર્તન છે.

સમારોહને અંતે કવિ અને સર્જક શ્રી ડૉ. કનૈયાલાલ ભટ્ટે આભારવિધિ કરી હતી. સમગ્ર સમારોહનું સંચાલન યુવા કવિશ્રી પ્રણવ પંડ્યાએ કર્યું હતું. આ સાહિત્ય ગૌરવ પુરસ્કાર અર્પણ સમારોહમાં શ્રી હરિશ્ચન્દ્ર જોશી, શ્રી બળવંત જાની, ડૉ. નિરંજન રાજ્યગુરુ, કવિ મનોહર ત્રિવેદી, છેલભાઈ વ્યાસ, માય ડિયર જયુ. મહેન્દ્રસિંહ પરમાર, પાર્થ મહાબાહુ, વિનોદ જોશીના પુસ્તકોના પ્રકાશક-પાર્શ્વ પ્રકાશનના શ્રી બાબુભાઈ શાહ તથા અન્ય સાહિત્યકારો, અધ્યાપકો, ભાવકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહને સફળ બનાવવા શ્રી નિશીથ મહેતા, ડૉ. પરેશ સોલંકી, તેજસ ઓઝા અને ભાષાભવનના શોધાર્થીઓએ મહેનત કરી હતી.

# બાંધકામ અને વિકાસની સત્તાઓ માટે ચર્ચા આપવા માંગ

ગાંધીનગર મહાનગર-પાલિકાને આપવામાં આવેલ વિકાસ અને બાંધકામ માટે સોંપાયેલ સત્તાઓ અંગે સામાન્ય સભામાં ખાસ ચર્ચાની માંગણી કોંગ્રેસના કાઉન્સીલર શ્રી પ્રવિણ પટેલે કરી છે.

મ્યુનિ. કમિશનરને લખેલા એક પત્રમાં શ્રી પટેલે જણાવ્યું છે કે આ બાબતમાં તંત્ર પાસે કેટલા અધિકારીઓ છે, ક્યારે નિમણુંક કરાઈ, કેટલા ભોગવટા પ્રમાણપત્રો અપાયા, જી.ડી.સી.આર. પ્રમાણે કામ થયા છે કે નહિ તેની તપાસણી કોણ કરે છે, તેવા અનેકવિધ પ્રશ્નો લોકોમાં ચર્ચાના મુદ્દા બન્યા છે અન તેનો પડઘો પાડવા અમે આ ચર્ચાની ખાસ માંગણી કરીએ છીએ. શ્રી પટેલે તેમના પત્રમાં ૧૭મીએ મળનારી સામાન્યસભામાં આ મુદ્દે ચર્ચા માટે સમય ફાળવવા માંગ કરી છે.

# શહેર કોંગ્રેસ સમિતિમાં શંકરસિંહ વાઘેલાના હસ્તે ધ્વજવંદન

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સેક્ટર-૨૨ ખાતે આજે સવારે ૯ વાગે વિધાનસભા વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા ધ્વજવંદન કરાવશે.

શહેર સમિતિના પ્રમુખ શ્રી કૌશિક શાહ અને જિલ્લા પ્રમુખ શ્રી સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું છે કે કોંગ્રેસના કાર્યકરો આ પર્વની ઉજવણી કરશે. આ માટેની તૈયારીઓ પણ પક્ષે કરી છે અને સેવાદળના કાર્યકરો તેમના ગણવેશમાં હાજર રહેનાર છે.



## લીંબડીયા ગામનું ગૌરવ

ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના વરદહસ્તે તથા મહિલા અને બાળ વિકાસ મંત્રી પ્રા. વસુબેન ત્રિવેદી, ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ હિનાબેન પટેલની ઉપસ્થિતિમાં લીંબડીયા-કરાઈ ગ્રામ પંચાયતના મહિલા સરપંચ તરીકે રીન્કુબેન હર્ષદભાઈ પટેલને શ્રેષ્ઠ કામગીરી સેવા બદલ મહિલા શક્તિ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન બદલ ગ્રામ પંચાયત પરિવાર તથા લીંબડીયા ગ્રામજનો આનંદ અને ગૌરવની લાગણી અનુભવી રહ્યા છે.

**(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)**






## નામ બદલેલ છે

મારું જુનું નામ નિસર્ગકુમાર ભરતકુમાર ત્રિવેદી હતું તે બદલીને મારું નવું નામ નિસર્ગ ભરતકુમાર ત્રિવેદી રાખેલ છે.

સરનામું : બ્લોક નં. ૧૧/૫, ચ-ટાઈપ, સે. ૨૨, ગાંધીનગર